તા.: ૨૫–૦૨–૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી કમીટીની કાર્યનોધ

......................................................................................................

કા. સ.ઠ.નં. ૩૫૩ / તા.:૨૫–૦૨–૨૦૧૯

---

કામ નં.–૧

વિષયઃ– વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૮–૨૦૧૯ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૭૪૮૧૬૭૯૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસ રૂા. ૬૧૫૯૫૯૯૩૨/– રીવાઈઝડ બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૮–૨૦૧૯ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૭૪૮૧૬૭૯૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસ રૂા. ૬૧૫૯૫૯૯૩૨/– રીવાઈઝડ બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૫૪/ તા.:૨૫ –૦૨–૨૦૧૯

---

<u>કામ નં.–૨</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૧૧૦૩૬૩૯૦૦૦/– તથામહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૧૧૧૨૧૦૨૦૦૦/– બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૯–૨૦૨૦ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું સુધારા–વધારા સહિતનું રૂા.૧૧૬૨૦૩૯૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૧૧૬૭૦૦૨૦૦૦/– બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૫૫ / તા.:૨૫–૦૨–૨૦૧૯

---

વ.કા.નં.–૧

વિષયઃ– વલસાડ નગરપાલિકા, વલસાડના આરોગ્ય શાખામાં હરીજન કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી દલગશ સુરેશ માંગીલાલ , વિગેરે કાયમી કર્મચારીઓની ગ્રેજયુઈટી, પેન્શન, ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડના આરોગ્ય શાખામાં હરીજન કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી દલગશ સુરેશ માંગીલાલ , વિગેરે જુદા જુદા શાખાના નીચે જણાવેલ કાયમી કર્મચારીઓ વયમર્યાદા/ અવસાન થવાને કારણે તેમની નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન વિગેરેની ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ નં | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટી રૂા. | રૂપાંતરીત પેન્શન | પેન્શન રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | દલગશ સુરેશ માંગીલાલ | આરોગ્ય | ૫–૯–૨૦૧૮ (મરણ તારીખ) | ૬૮૬૬૧૦– | –––– | ૫૩૨૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૨ | સોલંકી બાબુભાઈ શંકરભાઈ | આરોગ્ય | ૨૭–૧૦–૨૦૧૮ (મરણ તારીખ) | ૫૬૧૬૨૪– | –––– | ૪૮૩૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૩ | પટેલ ચંપકભાઈ બાબુભાઈ | આરોગ્ય | ૦૧–૧૨–૨૦૧૮ (મરણ તારીખ) | ૧૦૦૦૦૦૦– | –––– | ૭૩૯૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૪ | મોહનભાઈ મણીલાલ આહીર | વારીગૃહ | ૩૧–૦૩–૨૦૧૯ | ૩૮૧૮૨૨– | ૨૨૧૬૩૧– | ૫૬૩૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૫ | દમ મુનાફ અહમદસઈદ | ઓકટ્રોઈ | ૩૧–૦૩–૨૦૧૯ | ૫૩૮૬૯૨– | ૩૧૯૪૯૭ | ૭૯૫૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૫૬/ તા.: ૨૫–૦૨–૨૦૧૯

---

<u>વ.કા. નં.–૨</u>

<u>વિષયઃ–</u> પેનલના એડવોકેટશ્રીની ફી નકકી કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, શ્રી દિપકભાઈ સંચેલા, એડવોકેટશ્રીના તા.: ૧૭–૧૧–૨૦૧૮ ના આવેલ પત્રમાં જણાવ્યા મુજબ તેઓશ્રી ઘણા વર્ષોથી નગરપાલિકા પેનલના એડવોકેટ તરીકે કેસો લડી રહેલ છે. તેઓની અરજીમાં જણાવ્યા મુજબ સને–૨૦૦૬ થી ઠરાવ્યા મુજબ કેસ દીઠ રૂા.૧૦,૦૦૦/– નકકી કરવામાં આવેલ છે. જે આજથી ૧૬ વર્ષ પહેલાંની ફીનું ધોરણ હોય આગામી ચાલુ વર્ષમાં પેનલના એડવોકેટ તરીકે ચાલુ રહેવા તેમજ નિયત કરેલ ફી માં રૂા.૨૦,૫૦૦/– જેટલી કેસ દીઠ ફી નકકી કરવા રજુઆત કરેલ છે. જે હકીકતોથી વિદિત થતાં પેનલના એડવોકેટની ફી કેસ દીઠ રૂા. ૧૦,૦૦૦/–ની જગ્યાએ રૂા.૨૦,૫૦૦/– જેટલી કેસ દીઠ ફી નકકી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૫૭ / તા.:૨૫–૦૨–૨૦૧૯

---

વ.કા.નં.–૩

વિષયઃ– વ.ન.પા. સંચાલિત મોગરાવાડી ખાતે આવેલ ઈશ્વરભાઈ શોપીંગ સેન્ટરમાં વોટરપ્રુફીંગ કરવાના કામ અંગેના આવેલ ભાવ મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વ.ન.પા. સંચાલિત મોગરાવાડી ખાતે આવેલ ઈશ્વરભાઈ શોપીંગ સેન્ટરમાં ચોમાસા દરમ્યાન સદરહુ ઈમારતમાં વરસાદની સીઝનમાં ખુબજ પાણી ગળે છે.અને શોપીંગ સેન્ટરમાં પોસ્ટ ઓફિસ આવેલ હોય, સદરહુ પોસ્ટ ઓફિસમાં બેસીને કામગીરી થઈ શકે તેમ નહીં હોવાથી સદરહુ શોપીંગ સેન્ટરમાં વોટર પ્રુફીંગ કરવાની તાકીદે જરૂરીયાત જણાતી હોય, સદરહુ કામે, જ.બો.ઠ.નં. ૩૩૫ / તા.: ૨૭–૭–૨૦૧૭ થી સદરહુ કામગીરી કરવાનું મંજુર કરવામાં આવેલ હોય, સદરહુ કામે નાયબ માહીતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધી કરાવી ભાવપત્રકો મંગાવવામાં આવેલ. જેમાં મુદત દરમ્યાન કુલ–૫ ભાવપત્રકો આવેલ. જે ખુલ્લા કરવામાં આવેલ ભાવપત્રકોનું તુલનાત્મક પત્રક જોતાં અંકદરે શાહ કન્સ્ટ્રકશન, મહારાણાપ્રતાપ શોપીંગ સેન્ટર, આસુરાઝાપા, ધરમપુર, જી. વલસાડનું ભાવપત્રક કા.સ.ઠ.નં. ૧૦૦ / તા.: ૦૬–૦૭–૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. સદરહું એજન્સીનું ભાવપત્રક મંજુર થયેલ હોય, સદરહુ એજન્સી સાથે જરૂરી કરારખત કરવા માટે અત્રેની કચેરીએથી તા.: ૧૩–૦૮–૨૦૧૮ થી લેખીત જાણ કરેલ છે. પરંતુ સદરહુ એજન્સી ધ્વારા પત્રનો કોઈ પ્રતિઉત્તર કે રૂબરૂ સંપર્ક કરવામાં આવેલ નથી. જેથી સદરહુ એજન્સીને કામમાંથી રદ કરી લોએસ્ટ પાસેથી કામગીરી કરાવવા જરૂરી જણાય છે. જે અન્વયે સેકન્ડ લોએસ્ટ એજન્સી ચૌહાણ ગૃપ , ઓવરબ્રીજ નજીક, અબ્રામા, વલસાડની તા.: ૧૪–૧૨–૨૦૧૮ ના રોજ આવેલ લેખીત સંમતિ મુજબ સદરહુ કામના ફસ્ટ લોએસ્ટનો ભાવ વર્કેબલ નહીં હોવાથી સેકન્ડ લોએસ્ટના આવેલ ભાવપત્રકમાં દર્શાવ્યા મુજબ અ.નં.–૧ માં ૧ ચો.મી.ના ૨૮૦/– દર્શાવેલ છે. આ દર્શાવેલ ભાવથી ૫% લેસ કરી ૧ ચો.મી.ના રૂા. ૨૬૬/– પુરા તેમજ અ.નં.–૨ માં ૧ ચો.મી.ના ૪૭૦/– દર્શાવેલ છે. આ દર્શાવેલ ભાવથી ૫ % લેસ કરી ૧ ચો.મી.ના રૂા.૪૪૭/– પુરાથી વોટર પ્રુફીંગની કામગીરી કરી આપવાની લેખીત સંમતિ આપેલ છે. જે હકીકતોને ધ્યાને લઈ, સદરહું સેકન્ડ લોએસ્ટ પાસેથી જરૂરી આગળની કાર્યવાહી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૫૮ / તા.: ૨૫–૦૨–૨૦૧૯

---

વ. કા. નં.–૪

વિષયઃ– વલસાડ નગરપાલિકાના ટાવર ક્લોકનું રીનોવેશન / રેકટીફીકેશન વિગેરેનું કામ કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના ટાવર ઘડીયાળ રીપેરીંગ / રેકટીફીકેશન કરવાના કામે ભાવો મંગાવવાની જરૂરીયાત હોય, સદર કામે નાયબ માહીતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ટેન્ડરો મંગાવવામાં આવતા મુદત દરમ્યાન કુલ–૨ , વેપારીઓના ટેન્ડરો આવેલ છે. સદરહું આવેલ બંને ટેન્ડરરોએ નગરપાલિકાના નિયત કરેલ ટેન્ડર ફોર્મમાં ભાવો દર્શાવેલ નથી. પરંતુ નગરપાલિકાએ નિયત કરેલ ટેન્ડરની આઈટમોના ભાવો તેમના લેટરપેડ ઉપર દર્શાવેલ છે. સદરહું આવેલ ટેન્ડર / ભાવપત્રક તા.: ૦૭–૦૬–૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવતાં કા.સ.ઠ.નં.–૧૩૩ / તા.: ૦૬–૦૭–૨૦૧૮ થી ન્યુ ઈન્ડસ્ટ્રીયલ ક્લોક કંપની, તિથલ રોડ, વલસાડનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે. સદરહું મંજુર કરવામાં આવેલ એજન્સી સાથે જરૂરી કરારખત કરવામાં આવેલ છે. તો કરારખત કરેલ હોય, સદરહું એજન્સીને જરૂરી વર્કઓર્ડર આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૩૫૯ / તા.: ૨૫– ૦૨–૨૦૧૯.

---

<u>વ.કા.નં.–૫</u>

<u>વિષયઃ–</u> સ્વચ્છતા સર્વેક્ષણ –૨૦૧૯ , અન્વયે વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં શહેરના કચરાના નિકાલ કામે ટ્રેકટર ભાડે રાખેલ. જેનું આવેલ બીલ રૂા. ૩૦,૦૦૦ – + રૂા. ૬૦,૦૦૦– મળી કુલ રૂા. ૯૦,૦૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના. સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન – અંતર્ગત વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં શહેરના કચરાના નિકાલના કામે, નગીનભાઈ બેલદાર, વલસાડનુ ટ્રેકટર તા.: ૬–૧૨–૧૮ થી તા.: ૧૦–૧૨–૧૮ દિન–૫,સુધી ભાડે રાખી જરૂરી કામગીરી કરાવેલ. જેનું બીલ રૂા.૩૦,૦૦૦/– તેમજ તા.:૫–૧૧–૧૮થી તા.: ૧૪–૧૧–૧૮ દિન–૧૦, સુધીનું ટ્રેકટર ભાડાનું આવેલ બીલ રૂા. ૬૦,૦૦૦/– મળી કુલ રૂા. ૯૦,૦૦૦/– પુરા,જ.બોર્ડની મંજુરતની અપેક્ષાએ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવા માં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૬૦ / તા.: ૨૫–૦૨–૨૦૧૯

---

<u>વ.કા. નં.–૬</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગર સેવા સદનના "શ્રી અટલ બિહારી વાજપાઈ " સભાખંડમાં વાયરલેસ માઈક્રોફોનની વ્યવસ્થા કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગર સેવા સદનના "શ્રી અટલ બિહારી વાજપાઈ " સભાખંડમાં નગરપાલિકાની સામાન્ય સભાઓ તેમજ સરકારશ્રીના અનેક વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. જેમાં નગરપાલિકાના ચુંટાયેલા સભ્યશ્રીઓ માટે ખુરશી ટેબલો ગોઠવવામાં આવેલ છે. જેમાં લાઉડ સ્પીકરની કાયમી વ્યવસ્થા કરેલ છે. પરંતુ પદાધિકારીઓ તથા ખાતાના મુખ્ય અધિકારીઓને રજુઆત કરવા માટે વાયરલેસ માઈક્રોફોનની કાયમી વ્યવસ્થા કરવી જરૂરી છે. જેના માટે સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવતાં ત્રણ એજન્સીઓના ભાવો આવેલ છે. જે ખુલ્લા કરવામાં આવતાં, આવેલ ભાવોનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ. નં. | એજન્સીનું નામ | સરનામુ | WIRELESS MICK MODAL NO. AWM 520V2 | AMOUNT |
|---|---|---|---|---|
| 1 | નેહા ઈલેકટ્રીકલ | ડુંગરી વલસાડ. | 01 UNINT | 6950.00 |
| 2 | એ.એન.સર્વિસીસ | ખેરગામરોડ વલસાડ. | 01 UNINT | <u>6550.00</u> |
| 3 | બ્રાઈટ સોલ્યુશન | આવાંબાઈ હાઈસ્કુલ પાસે,વલસાડ | 01 UNINT | 6850.00 |

ઉપરોકત આવેલ વાયરલેસ માઈક્રોફોનના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે આઈટમમાં શ્રી એ.એન. સર્વિસીસ, ખેરગામ રોડ, વલસાડના ભાવો ઓછા હોય, ઉપરોકત હકીકતોથી વિદિત થતાં જે સૌથી ઓછા ભાવો આવેલ છે. જે મંજુર કરી, મંજુર થયેલ ભાવોથી ખરીદ કરી, ખરીદી કર્યા બાદ આવતાં બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૬૧ / તા.:૨૫–૦૨–૨૦૧૯

---

વ.કા. નં.–૭

વિષયઃ– નામદાર સરકારશ્રીની ૧૪ માં નાણાંપંચની યોજના હેઠળ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ નવા બોરીંગ બનાવવાના કામ બાબત..

ઠરાવ.ઃ–

ઈજનેરશ્રી તેમજ ચીફ ઓફીસરશ્રીની રીમાર્કસ અન્વયેનો રીપોર્ટ વંચાણે લીધો, વલસાડ નગરપાલિકા સંચાલિત વારિગૃહ શાખામાં શહેરી વિસ્તારમાં પીવાના પાણીનો પુરવઠો પુરો પાડવા માટે વલસાડ શહેરથી અંદાજે ૭ કિ.મી. દુર વારીગૃહ હેડવર્કસ ખાતે ઔરંગા નદી પાસે નગરપાલિકાની માલીકીનો ડેમ બનાવી સિંચાઈ વિભાગ ઘ્વારા કાંકરાપાર નહેર ઘ્વારા પાણી પુરૂ પાડવામાં આવે છે. સદરહુ પાણીને વારિગૃહ હેડવર્કસ, અબ્રામા ખાતે શુધ્ધિકરણ કરી પાઈપીગ ઘ્વારા વલસાડ શહેરને શુધ્ધ કરેલું પાણી પુરૂં પાડવામાં આવે છે.

હાલે સિંચાઈ વિભાગ ઘ્વારા પાણીનું રોટેશન ( નહેર મરામતને કારણે ) લંબાઈ જવાથી અને ડેમમાં પાણીની આવક નહીં થવાને કારણે વલસાડ નગરપાલિકા ઘ્વારા એક દિવસને આંતરે શહેરીજનોને પીવાના પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવે છે. હાલે વલસાડ શહેર ઉપર જળ સંકટ આવેલ હોય, તેને નિવારવા માટે નગરપાલિકા ઘ્વારા શહેરીજનોને પીવાનું પાણી મળી રહે અને પાણીની સમસ્યા ઉપસ્થિત નહીં થાય તેવા શુભ આશયથી વારીગૃહ હેડવર્કસ ખાતે તેમજ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ નવા બોરીંગ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા–જુદા સ્થળોએ નવા બોરીંગ બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ટેન્ડરો મંગાવવામાં આવતા મુદત દરમ્યાન કુલ–૪(ચાર) ટેન્ડરો આવેલ છે. સદરહું આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં ઓછા આવેલ ભાવો વોટરવર્કસ કમીટી ઠરાવ નં.–૨૨૦ / તા.: ૦૭–૦૧–૨૦૧૯ થી કારોબારી સમીતીને ભલામણ કરતાં કારોબારી સમીતી ઠરાવ નંબર.ઃ–૩૪૯ / તા.: ૨૧–૦૨–૨૦૧૯ થી વલસાડના સ્થાનિક ફિલ્ડમાર્શલ એજન્સી, રંગઉપવન નીચે, મોંઘાભાઈ હોલની સામે, વલસાડની લેખિત સંમતિ મુજબ ઓછા આવેલ ભાવોથી કામગીરી કરવાનું મંજુર કરવામાં આવેલ છે.

વિશેષમાં વલસાડ શહેરમાં શહેરીજનોને પાણી સરળતાથી મળી રહે તે માટે નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ નવા બોરીંગ બનાવવાનું આયોજન કરેલ છે. જે તે સ્થળોએ એક નવું બોરીંગ બનાવવા માટે સરેરાશ ( સબમર્શીબલ ( મોટર) માલ–સામાન સહિત ) નો અંદાજિત ખર્ચરૂા.૧,૧૭,૦૦૦/– જેટલો થવા જાય તેમ છે. અને નગરપાલિકા હદ વિસ્તારમાં ઘણા સ્થળોએ નવા બોરીંગ બનાવવાની જરૂરીયાત હોય, ઘણો ખર્ચ

થવાની સંભાવના હોય, અને નગરપાલિકાના આર્થિક પરીસ્થીતી સારી ન હોય, સદરહુ કામગીરી નામદાર સરકારશ્રીની ૧૪ માં નાણાંપંચની યોજના હેઠળ કરાવવાની જરૂરીયાત જણાય છે.

જેથી નામદાર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક નં–સીએફસી / ૧૦ / ૨૦૧૫ / ૮૧૩ / બ / તા.:૨૯–૦૨–૨૦૧૬ થી ઠરાવ્યા મુજબ અને સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ પાણી પુરવઠાના કામો આ યોજના હેઠળ કરવાનું જણાવેલ છે. જે અન્વયે નામદાર સરકારશ્રીની ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના પત્રક્રમાંકઃ મફબ / યુ–૨/૧૪ મુ નાણાંપંચ / પ્રથમ હપ્તો / ૨૦૧૮ – ૧૯ / ૧૮૩૭૩ / તા.: ૧૦–૧૦–૨૦૧૮ થી રૂા.૩,૫૯,૬૪,૦૭૨/– પુરાની વલસાડ નગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ છે. સદરહું ફાળવવામાં આવેલ ગ્રાન્ટ જનરલ સદર ગ્રાન્ટ હેઠળ રૂા.૩,૩૯,૮૯,૦૫૯/– પુરાની ફાળવવામાં આવેલ છે. તેમજ SCSP હેઠળ રૂા. ૧૯,૭૫,૦૧૩/–એમ મળી કુલ રૂા.૩,૫૯,૬૪,૦૭૨/– પુરાની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. સદરહુ ફાળવેલ રકમની ગ્રાન્ટ પૈકી બચત રકમ રૂા. ૨,૧૯,૬૪,૦૭૨/–પુરાની રકમ બચત થાય છે. તો સરકારશ્રી ગાઈડલાઈન મુજબ પાણી પુરવઠાના કામોને પ્રાધાન્ય આપેલ હોય, સદરહુ યોજનાની બચત ગ્રાન્ટમાંથી નગરપાલિકા હદ વિસ્તારમાં જે તે સમયે જે તે સ્થળોએ નવા બોરીંગ બનાવવાની જરૂરીયાત જણાય તેવા કિસ્સામાં સદરહુ કરાવેલ કામગીરીનો સઘળો ખર્ચ સદરહુ ગ્રાન્ટમાંથી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૬૨/ તા.:૨૫–૦૨–૨૦૧૯

---

<u>વ.કા. નં.–૮</u>

<u>વિષય:–</u> હડતાલ તેમજ કામબંધી ઉપર ગયેલ કાયમી કર્મચારીઓ વિરુઘ્ધ શિસ્તભંગની કાર્યવાહી બાબત...

<u>ઠરાવ.:–</u>

ચીફ ઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકા, વલસાડના જા.નં.૨૬૧૧ / તા.: ૮–૨–૨૦૧૯ ના આવેલ પત્ર વંચાણે લીધો. વલસાડ નગરપાલિકાના કાયમી કર્મચારીઓ તા.: ૧૫–૦૧–૨૦૧૯ ના રોજથી તેઓના યુનિયન ગુજરાત મજદુર સભા તરફથી આપવામાં આવેલ તા.: ૦૭–૦૧–૨૦૧૯ ની નોટીશ ઘ્વારા તેઓને સાતમાં પગારપંચ મુજબનો વેતન અને અન્ય લાભો ચુકવવા માટેની માંગણી કરી હડતાલ પર બેસી ગયેલ છે. અને તેવી હડતાલ શરૂઆતમાં તા.: ૧૫–૦૧–૨૦૧૯ થી ૧૫ દિવસ માટે તા.: ૦૭–૦૧–૨૦૧૯ ની નોટીશ ઘ્વારા રહેશે તેવું જણાવવામાં આવેલ પરંતુ ત્યારબાદ પણ યુનિયન ઘ્વારા નગરપાલિકાને આપવામાં આવેલ તા.: ૨૯–૦૧–૨૦૧૯ ની નોટીશ ઘ્વારા ઉપરોકત તા.: ૧૫–૦૧–૨૦૧૯ થી શરૂ કરવામાં આવેલ હડતાલ અચોકકસ મુદત સુધી ચાલુ રાખવામાં આવે છે. તેવી જાણ કરવામાં આવી છે. અને તે મુજબ તેવી હડતાલ આજદિન સુધી ચાલુ છે. કાયમી કર્મચારીઓ ઘ્વારા પ્રથમ વખત તા.: ૦૭–૦૧–૨૦૧૯ ની નોટીશ ઘ્વારા સાતમાં વેતન પંચના અમલ માટેની માંગણી કરવામાં આવી છે. અને તે માંગણી સંબંધે તા.: ૦૭–૦૧–૨૦૧૯ ની નોટીશ ઘ્વારા તા.: ૧૫–૦૧–૨૦૧૯ ના દિનથી શરૂ કરી દેવામાં આવી છે. અને તેજ માંગણી ફરીથી તા.: ૨૨–૦૧–૨૦૧૯ ની નોટીશ ઘ્વારા દોહરાવવામાં આવી છે. પરંતુ તે માંગણી સબંધે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાના બદલે તેવી માંગણી સ્વીકારવા માટે નગરપાલિકા પર ગેરકાયદે દબાણ ઉભુ કરવા માટે તા.: ૧૫–૦૧–૧૯ થી જે હડતાલ તથા કામબંધી કાયમી કર્મચારી ઘ્વારા શરૂ કરી આજદિન સુધી ચાલુ રાખવામાં આવેલ છે. તે ગેરકાયદે હોય અને શિસ્તભંગ પણ બનતુ હોય હડતાલ પર ગયેલ કાયમી કર્મચારીઓ વિરુઘ્ધ શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવી જરૂરી બને છે અને તે માટે જરૂરી ઠરાવ કરવા સૂચન છે.

કાયમી કર્મચારીઓની સાતમા પગાર પંચ સંબંધેની માંગણી બાબતે મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડ રૂબરૂ કાયદેસર કાર્યવાહી સંબંધે તા.: ૧૩/૦૨/૨૦૧૯ ની તારીખની જાણ કરતી નોટીશ મદદનીશ શ્રમ આયુકતશ્રી,વલસાડની કચેરીએથી તા.: ૩૧ / ૦૧/ ૨૦૧૯ ની નોટીશ તા.: ૦૭ / ૦૨ /૨૦૧૯ ના રોજ અત્રે મળી છે. આમ જયારે યુનિયન તરફથી તે માંગણી સંબંધે દરમ્યાનગીરી કરવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય. તે સંજોગોમાં પણ તે પહેલા તેમજ તે દરમ્યાન હડતાલ તેમજ કામબંધી ગેરકાયદેસર અને અયોગ્ય મજુર પ્રથા હોય, શિસ્ત ભંગની કાર્યવાહી હાથ ધરવી જરૂરી બને છે. જે હકીકતોથી વિદિત થતાં હડતાલ તેમજ કામબંધી ઉપર ગયેલ તેવા કાયમી કર્મચારીઓ ઉપર શિસ્ત ભંગની કાર્યવાહી હાથ ધરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૬૩ / તા.:૨૫–૦૨–૨૦૧૯

---

<u>વ.કા. નં.–૯</u>

<u>વિષયઃ–</u> વલસાડના છીપવાડ વિસ્તારમાં આવેલ ગટરના ગરનાળાની કામગીરી બાબત...

<u>ઠરાવ.:–</u>

વલસાડના છીપવાડ વિસ્તારમાં આવેલ ઓધવરામ નગરના મુખ્ય ગેટના ગટરનો સ્લેબ બનાવવા માટે રન્નાદે કન્સ્ટ્રકશનના કોન્ટ્રાકટર જીતુભાઈ મહેતાને સદરહું કામનો વર્કઓર્ડર આપવામાં આવ્યો હતો. પરંતુ તેમના ધ્વારા સદરહું કામગીરી છેલ્લા પાંચ માસ થયા હોવા છતાં પૂર્ણ કરી શકયા ન હતા. જેથી સદરહું વિસ્તારના રહીશોને આવવા–જવામાં ધણીજ અગવડતા અને હાલાકી પડે છે. જેથી સદરહું કામગીરી અંગે ત્યાંના રહીશો ધ્વારા વારંવાર ફરીયાદો આવતી રહે છે. સદર કામગીરી પણ હલકી કક્ષાની કામગીરી કરેલ હોય. સદરહું વિસ્તારના ચુંટાયેલા સભ્યશ્રીની આ કામ અંગેની ફરીયાદ પણ આવેલ છે. જે હકીકતો ધ્યાને લેતાં સદરહું એજન્સી ઉપર જરૂરી કાર્યવાહી કરવા ઈજનેરશ્રી, પ.વ.ડી. શાખા મારફતે રીપોર્ટ મંગાવી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૬૪ / તા.:૨૫–૦૨–૨૦૧૯

---

વ.કા. નં.–૧૦

વિષયઃ– આર.ટી.આઈ.ની પ્રથમ અપીલ અને બીજી અપીલ બાબત...

ઠરાવ.:–

ચીફ ઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકા,વલસાડનો રીપોર્ટ વંચાણે લેવામાં આવ્યો. વલસાડ નગરપાલિકામાં બાંધકામ, આરોગ્ય, હિસાબી, ડ્રેનેજ, ગુમાસ્તાધારા, વારીગૃહ, ભાડા વસુલાત, સ્ટ્રીટ લાઈટ, લાઈબ્રેરી, ફાયર, હાઉસ ટેક્ષ, એન.યુ.એલ.એમ. એવી કેટલીક શાખાઓ કાર્યરત છે. સદર શાખાઓ સંબંધીત તમામ રેકોર્ડ તેમજ કાગળોની નિભાવણી તેમજ તેનો હવાલો સંબંધીત શાખાના કસ્તોડીયન તરીકે શાખાના અધિકારીઓ નીમવામાં આવેલ છે. વલસાડ નગરપાલિકામાં ભૂતકાળમાં માહીતી અધિકાર અધિનિયમની અમલવારીમાં સબંધિત શાખાના અધિકારીઓની બેદરકારી કારણે માહિતી અધિકાર હેઠળ આવતી અરજીઓના નિકાલની કામગીરીમાં વિક્ષેપ ઉભો થવા પામેલ હતો. જેને ધ્યાને રાખીને અત્રેની કચેરી ધ્વારા સંબંધિત શાખાના વડાને જે તે શાખા પૂરતા જાહેર માહિતી અધિકારી તરીકે કામગીરી કરવામાં હુકમ કરવામાં આવેલ હતા. જેની જાણ સરકારના વિભાગો તથા નામદાર માહિતી આયોગ ગાંધીનગરને પણ જાણ કરવામાં આવેલ હતી. અરજદારો ધ્વારા માહીતી અધિકાર અધિનિયમ હેઠળ રજુ થતી અરજીઓને સમય મર્યાદામાં નિયમ અનુસાર કાર્યવાહી કરી નિકાલ કરવાનું રહેશે.તેમજ કોઈ કિસ્સાઓમાં પ્રથમ અપીલ તેમજ નામદાર માહિતી આયોગ ગાંધીનગરમાં બીજી અપીલ થાય તેવા કિસ્સાઓમાં સબંધિત શાખાના માહિતી અધિકારી તરીકે અપીલમાં હાજર રહી કાર્યવાહી કરવાની રહેશે. સદરહું કામગીરીમાં બેદરકારીને કારણે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી જાહેર માહિતી અધિકારી તરીકે જે તે શાખાના અધિકારીની અંગત રહેશે. સદરહું હકીકતોને ધ્યાને લઈ, જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..